
# ઈબોલા વાયરસ વૈશ્વિક સંકટ તરીકે જાહેર

## ડબલ્યુએચઓ દ્વારા જાહેરાતથી ચિંતાનું મોજુ : ૧૦૦૦થી વધુ લોકોના મોત થયા બાદ અનેક દેશોમાં ઈમરજન્સીની જાહેરાત

સંયુક્તરાષ્ટ્ર,તા. ૮

જીવલેણ વાયરસના ફેલાવાને



રોકવા માટે તમામ પગલા લેવાઈ રહ્યા છે ત્યારે કેટલાક દેશોએ ઈમરજન્સીની પણ જાહેરાત કરી છે. ૧૦૦૦થી વધુ લોકોના મોત થયા બાદ હવે ડબલ્યુએચઓ દ્વારા આજે વૈશ્વિક આરોગ્ય સંકટ તરીકે આને જાહેર કરીને ચિંતા વધારી દીધી છે. ડબલ્યુએચઓ દ્વારા તેની તાકીદની બેઠકમાં બે દિવસ સુધી વાતચીત કર્યા બાદ એક નિવેદન જારી કરવામાં આવ્યું હતું. ડબલ્યુએચઓનું કહેવું છે કે, પશ્ચિમ આફ્રિકામાં ઈબોલા વાયરસની અસર ખુબ જ ગંભીરરીતે દેખાઈ રહી છે. જિનિવામાં વિશ્વ આરોગ્ય સંસ્થાની બેઠક યોજાઈ હતી. હવે આને વૈશ્વિક આરોગ્ય સંકટ તરીકે જાહેર કરીને મદદ કરવાની પણ વાત કરવામાં આવી છે. લાઈબેરિયા, નાઈઝિરિયા અને અન્ય દેશોમાં સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે. આને વિશ્વ સંકટ તરીકે જાહેર કરવા માટે વ્યાપક વિચારણા થઈ હતી. દરમિયાન સાઉદી અરેબિયાનું કહેવું છે કે, તે ઈબોલાગ્રસ્ત ત્રણ દેશો લાઈબેરિયા, ગિની અને સિઈરા લિયોનના નાગરિકને હજ માટે વિઝા આપશે નહીં. દેશના તમામ વિમાની મથકો અને બંદર ઉપર તબીબોની ટુકડી ગોઠવવામાં આવી છે. ભારત દ્વારા પણ સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે.

## ઈબોલા વાયરસના ભારતમાં કોઈપણ કેસ નથી

### ભારતમાં ફેલાયેલી દહેશત વચ્ચે આરોગ્ય પ્રધાનની ખાતરી : વાયરસના ફેલાવાને રોકવા માટે તમામ પગલા લેવાઈ રહ્યા છે : દહેશતમાં રહેવાનું કોઇ કારણ નથી : ભારત ઉપર પણ સંકટ હોવાનો નિષ્ણાતોનો મત

નવી દિલ્હી,તા. ૮

વિશ્વભરમાં ફેલાયેલી દહેશત વચ્ચે કેન્દ્રીય આરોગ્ય પ્રધાન હર્ષવર્ધને આજે કહ્યું હતું કે, જીવલેણ ઈબોલા વાયરસના કોઈપણ કેસ ભારતમાં નોંધાયા નથી. સરકાર દ્વારા તેના ફેલાવવાને રોકવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સંસદની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, હાલના ક્ષણે ભારતમાં કોઈપણ ઈબોલાનો કેસ નોંધાયો નથી. જેથી દહેશતમાં રહેવા માટે કોઈ કારણ નથી. હર્ષવર્ધને કહ્યું હતું કે, સરકાર દ્વારા આફ્રિકન દેશોથી આવતા લોકોની અવર જવર ઉપર નજર રાખવામાં આવી રહી છે. આફ્રિકન દેશો ઈબોલા વાયરસના કારણે સૌથી વધુ અસરગ્રસ્ત થયા છે. ઈબોલા અસરગ્રસ્ત દેશોમાં ભારતીયોની સંખ્યા આશરે ૪૫૦૦૦ જેટલી છે. આરોગ્યપ્રધાને કહ્યું હતું કે, ઈબોલા અસરગ્રસ્ત દેશોમાં રહેતા ભારતીયો પરત ફરી શકે છે. બીજી બાજુ આ રોગને લઈને ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. વિશ્વના જુદા જુદા દેશોમાં મોટી સંખ્યામાં ૪૪૭૦૦ જેટલા ભારતીયો રહે છે. વિશ્વના દેશોમાં આ વાયરસના કારણે હજુ સુધી સત્તાવારરીતે ૧૦૦૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે.

હર્ષવર્ધને બુધવારના દિવસે પણ સંસદમાં માહિતી આપી હતી અને કહ્યું હતું કે, વાયરસગ્રસ્ત દેશોમાં મોટી સંખ્યામાં ભારતીયો રહે છે. જે દેશોમાં ભારતીયો મોટી સંખ્યામાં છે તેમાં નાઈઝિરિયામાં ૪૦૦૦૦, લાઈબેરિયામાં ૩૦૦૦, સિઈરા લિયોનમાં ૧૨૦૦ જેટલા લોકો રહે છે. આ ઉપરાંત અન્ય દેશોમાં પણ નાની સંખ્યામાં ભારતીયો રહે છે. ડબલ્યુએચઓ દ્વારા જુદા જુદા તારણો જારી કરવામાં આવી ચુક્યા છે. ઈબોલા વાયરસ આફ્રિકન દેશોમાં આતંક મચાવી રહ્યો છે. ભારત ઉપર પણ સંકટ તોળાઈ રહ્યું છે. સુરક્ષા દળો દ્વારા પણ પગલા લેવાઈ રહ્યા છે. લાઈબેરિયાના પ્રમુખે જાહેરાત કરી છે કે, ૯૦ દિવસના આ સંકટ કાળ



દરમિયાન નાગરિકોના અધિકારોથી વંચિત રાખવામાં આવશે. બીજી બાજુ વિશ્વના અન્ય દેશોમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાનું કહેવું છે કે, અમેરિકી વૈજ્ઞાનિકો દવા શોધવામાં લાગી ગયા છે. ભારતમાં રોગના ફેલાવાને રોકવા સરકાર અસરગ્રસ્ત દેશો મારફતે આવતા લોકોની વિગતો મેળવી રહી છે.

# ઈરાકમાં હવાઈ હુમલા કરવા ઓબામાની લીલીઝંડી

### ત્રાસવાદી સંગઠન આઇએસઆઇએસની સામે હુમલાની તૈયારી : આઇએસઆઇએસ ત્રાસવાદીઓ કુર્દીશ પ્રાંતના પાટનગર ઇરબિલ શહેરની તરફ વધશે તો હવાઇ હુમલાઓ થશે : અમેરિકી દરમિયાનગીરી યોગ્ય હશે



વોશિંગ્ટન,તા. ૮

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ ઈરાકમાં હવાઈ હુમલા કરવાની લીલીઝંડી આપી દીધી છે. ઓબામાએ સાફ શબ્દોમાં કહ્યું છે કે ખતરનાક ગણાતા આઈ. એસ. આઈ.એસના ત્રાસવાદીઓ કુર્દીશ પ્રાંતના પાટનગર ઈરબિલ શહેરની તરફ આગળ વધશે તો હવાઈ હુમલા કરવામાં આવશે. ઈરબિલમાં અમેરિકાના વાણિજ્ય દુતાવાસ અને અન્ય સ્થળો આવેલા છે. સાથે સાથે અમેરિકાની અન્ય સલાહકારોની ઓફિસ પણ છે. ઓબામાએ કહ્યું છે કે પરિસ્થિતી પર નજર રાખવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે માનવીય સંકટ વચ્ચે ઈરાકમાં જરૂર પડશે તો ઈસ્લામિક ત્રાસવાદીઓ સામે હવાઈ હુમલા કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે તેઓ હવાઈ હુમલા કરવાની મંજૂરી આપી ચુક્યા છે. પ્રમુખે જાહેરાત કરી હતી કે ઈરાક સરકારની અપીલ પર અમેરિકાએ ઉત્તરીય ઈરાકના પહાડી વિસ્તારોમાં વિમાનો મારફતે ભોજન અને પાણીની મદદ પહોંચાડવામાં આવી છે. આ વિસ્તારોમાં ઈસ્લામિક ત્રાસવાદીઓએ મોટી સંખ્યામાં લઘુમતિ સમુદાયના લોકોને બાનમાં પકડી લીધા છે. અમેરિકી દરમિયાનગીરીને બિલકુલ યોગ્ય તરીકે ગણાવીને ઓબામાએ કહ્યું છે કે આઈએસઆઈએસ દ્વારા લઘુમતિ સમુદાયને સંપૂર્ણપમે ખતમ કરવાની જાહેરાત કરી છે. આ સંગઠનના ત્રાસવાદીઓએ ગઈકાલે ખ્રિસ્તી શહેર કારાકુશ પર કબજો કર્યો હોવાનો દાવો કર્યો હતો. જ્યાંતી હજારો લોકો જાન બચાવીને ભાગી ગયા છે. ઈરાકના કુર્દીશ પ્રાંતમાં ઈસ્લામિક સ્ટેટની તરફેણ કરનાર ત્રાસવાદીઓ ભારે લીડ ધરાવે છે. ટેલિવીઝન પર જારી નવ મિનિટના નિવેદનમાં ઓબામાએ કહ્યું છે કે તેઓ તેમના નિર્ણય અંગે કારણોની વાત કરી ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે જમીન પર અમેરિકાની સેના નહી ઉતરે. તેમણે કહ્યું હતું કે અમેરિકી લોકો અને હજારો નિર્દોશ લોકોના જીવ ખતરામાં રહેશે તો કાર્યાવાહી કરશે. પહાડી વિસ્તારોમાં રક્તપાતને રોકવા માટે કાર્યાવાહી કરવામાં આવસે. તેમણે એમ પણ કહ્યું હતું કે અમેરિકા વધુ એક યુદ્ધમાં પડવા ઈચ્છુક નથી પરંતુ આંખ બંધ કરીને બેસી શકાય નહી.

## સમાચાર ઝલક

- દરિયાઇ સૃષ્ટિને નુકશાન પહોંચાડવા બાબતે અદાણી ગ્રુપ તેમજ સરકારને નોટીસ ફટકારતી હાઇકોર્ટ.
- ઓરિસ્સામાં પુરથી ૩૪ લોકોનાં મોત.
- જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ હુમલો કરે તેવી દહેશત : ગુપ્તચર તંત્ર
- ૧લી ઓકટોબરથી કોમર્શિયલ વાહનોને સ્પીડ લીમીટ ડિવાઇસ ફીટ કરાવવું ફરજીયાત.
- ઇન્દોરમાં વોટ્સઅપ પર રચીપચી રહેતી પત્નીથી કંટાળી પતિએ પોલીસમાં ફરિયાદ નોંધાવી.
- સાઉદી પુરૂષો પાકિસ્તાન, બાંગ્લાદેશ, ચાડ અને મ્યાનમારની સ્ત્રીઓને પરણી શકશે નહી.
- રાજસ્થાનમાં ભારે વરસાદને લીધે જનજીવન પ્રભાવિત.
- બારડોલી તાલુકાનાં વાંકાનેર ગામે પિતા અને પત્ની વચ્ચેનાં આડા સંબંધોથી ત્રાસી પુત્રએ જીવનલીલા સંકેલી.
- ઇરાકમાં જેહાદીઓનાં આક્રમણને પગલે લોકોની સામુહિક હીજરત.
- વિશ્વભરનાં શેરબજારો કડડભૂસ થશે, રઘુરામ રાજનની ચેતવણી.
- વારાણસીને સાંસ્કૃતિક અને પરંપરાના રાષ્ટ્રીય હબ તરીકે વિકસાવાશે.
- ગુજરાતમાં ઉચ્ચ અભ્સાસની ૬૨ હજાર બેઠકો ખાલી રહી.
- ન્યુજર્સીમાં નવા બનાવેલા સ્વામિનારાયણ મંદિર ઉદ્‌ઘાટન સમારંભનું તા.૧૦મી ઓગસ્ટે લાઇવ વેબકાસ્ટીંગ થશે.
- બુરખા પહેરવા અને લાંબી દાઢી રાખવા પર ચીનમાં પ્રતિબંધ.
- અજીબ ઘટના, અમરેલી નજીક મોટા આકડીયામાં ૩૦ વર્ષના માતાજીનું ૧૭ દિવસથી જમીનની અંદર તપ.
- હવે એક લીટર પેટ્રોલ કરતાં એક કિલો ટામેટા ગુજરાતમાં મોંઘા !
- ધો-૧૦ની પરીક્ષા મલ્ટીપલ ચોઇસ પ્રશ્નો આધારિત કરવાની વિચારણા, ચાલી રહેલું મંથન.
- ઘરેલું હિંસા અંગેના કાનૂનની સમીક્ષા ફરીથી થશે : સુપ્રીમ કોર્ટ.
- અમેરિકાના શિવમંદિરમાં શરારતી તત્ત્વોની તોડફોડ.
- અલનીનોએ થાપ ખવડાવી ! યુરીયા-ખાતરની ભારે અછતથી ખેડૂતોમાં દોડધામ.
- કરોડોનું હુંડિયામણ કમાવી આપતું નવા બંદર મરણ પથારીએ.
- રાજકોટના આજી ડેમમાં ૪ કોલેજીયન ડુબી જતા મોત.

## કોંગ્રેસને એલઓપી પોસ્ટની માંગ કરતી અરજી ફગાવાઈ

### સુપ્રીમ કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ તારણ અપાયા : લોકસભા અધ્યક્ષ દ્વારા લેવામાં આવેલા કોઈપણ નિર્ણયને જ્યુડિશિયલ સમીક્ષા મારફતે સુધારી શકાય નહીં : સુપ્રીમ

નવી દિલ્હી,તા.૮

લોકસભામાં વિપક્ષના નેતાનો દરજ્જો કોંગ્રેસ પાર્ટીને આપી દેવામાં આવે તેવી માંગ કરીને દાખલ કરવામાં આવેલી અરજીને સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, જાહેરહિતની અરજી હેઠળ દાખલ કરવામાં આવેલા રાજકીય મુદ્દાઓ ઉપર નિર્ણય લઈ શકાય નહીં. ચીફ જસ્ટિસ આરએમ લોધાના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે, એડવોકેટ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી હાથ ધરી શકાય નહીં. ગૃહમાં અધ્યક્ષ અંગેનો ચુકાદો ન્યાયિક સમીક્ષામાં સુધારવા લાયક નથી. કલમ ૩૨ હેઠળ રાજકીય મુદ્દાઓ અંગે નિર્ણય લેવા અમે અહીં બેઠા નથી. બેંચે કહ્યું હતું કે, ગૃહમાં અધ્યક્ષ દ્વારા આપવામાં આવેલો ચુકાદો ન્યાયિક સમીક્ષા મારફતે સુધારી શકાય નહીં. જસ્ટિસ કુરિયન જોસેફ અને આરએફ નરીમનની બનેલી બેંચે અરજીદાર એમએલ શર્માને અરજી દાખલ કરવા બદલ જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, યોગ્ય હોમવર્ક કર્યા વગર આ અરજી દાખલ કરાઈ છે. શર્માએ તેમની દલીલમાં કહ્યું હતું કે, વિપક્ષના નેતાનો પ્રશ્ન પાર્લામેન્ટ એક્ટ ૧૯૭૭માં વિપક્ષના નેતાના પગાર અને ભથ્થાની જોગવાઈ સાથે વાંચવામાં આવે તે જરૂરી છે. ૧૯૭૭ એક્ટની કલમ બેમાં દરેક ગૃહના એલઓપીની પરિભાષા નક્કી કરે છે. વિપક્ષનો હોદ્દો કોંગ્રેસને આપવાની તેમણે માંગ કરી હતી. સૌથી વધુ સંખ્યા ધરાવનાર પક્ષના નેતાને વિપક્ષના નેતા તરીકે જાહેર કરવામાં આવે તે જરૂરી છે. ૧૦ વર્ષ સુધી કેન્દ્રમાં શાસન કર્યા બાદ હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએની કારમી હાર થઈ હતી. કોંગ્રેસને માત્ર ૪૪ બેઠકો મળી હતી. એટર્ની જનરલ મુકુલ રોહતાગીએ ગયા મહિનામાં અધ્યક્ષ સુમિત્રા મહાજનને કહ્યું હતું કે, કોંગ્રેસ લોકસભામાં વિપક્ષના નેતાના હોદ્દા માટે બિલકુલ લાયક નથી. કારણ કે તેની પાસે કુલ બેઠકોના ૧૦ ટકા પણ સંખ્યાબળ નથી જેથી તેને લોકસભામાં વિપક્ષના નેતાનો હોદ્દો આપી શકાય નહીં. કોંગ્રેસ દ્વારા આ મુદ્દાને લઈને છેલ્લા ઘણા દિવસથી લડત ચલાવવામાં આવી રહી છે પરંતુ તેની પાસે આંકડા નહીં હોવાથી મોટી સમસ્યા સર્જાઈ છે.

## ડોલર સામે રૂપિયામાં ૭ પૈસાનો સુધરો

નવી દિલ્હી, તા.૮


ડોલર સામે રૂપિયાને લઈને આજે પણ ચિંતાનું મોજુ રહ્યું હતું. ડોલર સામે રૂપિયો ઉતારચઢાવની સ્થિતિમાં રહ્યો હતો. આગામી ૧૨ મહિનામાં રૂપિયો વધુ મજબૂત બને તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. રોઈટરના પોલમાં દાવો કરવામાં આવ્યો છે કે, યાન વધુ મજબૂત થઈ રહ્યો છે. જ્યારે અમેરિકી ડોલર પણ મજબૂત થઈ રહ્યો છે. આર્થિક રિકવરીના મજબૂત સંકેત દેખાઈ રહ્યા છે. જાણકાર લોકો માની રહ્યા છે કે, ડોલર સામે રૂપિયો હાલમાં વધુ મજબૂત થશે નહીં. આજે કારોબારના અંતે અમેરિકી ડોલર સામે રૂપિયો સાત પૈસા સુધરીને ૬૧.૧૫ની સપાટીએ રહ્યો હતો. ઓઈલની કિંમતોમાં ફરી સુધારો થઈ રહ્યો છે. ઈન્ટરબેંક ફોરેન એક્સચેંજમાં આરબીઆઈ દરમિયાનગીરી કરે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામા ઈરાકમાં હુમલા કરવાની વાત કરી ચુક્યા છે જેથી તેની અસર જોવા મળી રહી છે.

## જશવંતસિંહ હોસ્પિટલમાં દાખલ : હાલત ગંભીર

### રાત્રે બાથરૂમ જતી વેળા પડી જતાં ગંભીર ઈજા : હાલમાં વેન્ટીલેટર ઉપર : વહેલી સવારે ઓપરેશન બાદ ન્યુરો સર્જનોની ટુકડી દ્વારા પરિસ્થિતિ ઉપર સતત નજર

નવી દિલ્હી,તા.૮

ભાજપના વરિષ્ઠ નેતા



જશવંતસિંહ ગુરૂવારે મોડી રાત્રે બાથરુમ જતી વેળા પોતાના રૂમમાં પડી ગયા હતા જેના કારણે જશવંતસિંહને માથામાં ગંભીર ઈજા થઈ છે. દિલ્હીમાં ધોળાકુવા સ્થિત આર્મી રિસર્ચ એન્ડ રેફરલ હોસ્પિટલમાં તેમને દાખલ કરવામાં આવ્યા છે. તેમની હાલત ખુબ જ ગંભીર જણાવવામાં આવી છે. તેમને વેન્ટીલેટર ઉપર રાખવામાં આવ્યા છે. સંરક્ષણ મંત્રાલય તરફથી જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવી છે કે, તેમની હાલત ગંભીર છે. હોસ્પિટલના સૂત્રોનું કહેવું છે કે, વહેલી પરોઢે તેમના ઉપર ઓપરેશન કરવામાં આવ્યું હતું. તેમને લાઈફ સપોર્ટ સિસ્ટમ ઉપર રાખવામાં આવ્યા છે. ન્યુરો સર્જન તેમની તબીબી સ્થિતિ ઉપર ચાંપતી નજર રાખી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જશવંતસિંહના પરિવારને ફોન કરીને તેમની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. આ અગાઉ ગૃહપ્રધાન રાજનાથસિંહ વ્યક્તિગતરીતે હોસ્પિટલ પહોંચ્યા હતા અને જશવંતસિંહ અંગે માહિતી મેળવી હતી. જશવંતસિંહ ભાજપના મોટા નેતા તરીકે રહ્યા છે પરંતુ લોકસભા ચૂંટણી પહેલા બાડમેરથી ચૂંટણી લડવાને લઈને તેઓએ આક્રમક વલણ અપનાવ્યું હતું જેથી તેમની પાર્ટીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી હતી. જશવંતસિંહ કેન્દ્ર સરકારમાં નાણામંત્રી, વિદેશમંત્રી અને આયોજન પંચના નાયબ અધ્યક્ષ તરીકે રહી ચુક્યા છે. ભાજપ વર્ષ ૨૦૦૪માં ચૂંટણી હારી ગયા બાદ જ્યારે સત્તાપરથી દૂર થયા ત્યારે જશવંતસિંહ રાજ્યસભામાં વિપક્ષના નેતા બન્યા હતા. સવારે જશવંતસિંહ ઘાયલ થવા અંગેના સમાચાર આવતાની સાથે જ ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણી પણ તેમની સ્થિતિને જાણવા માટે હોસ્પિટલ પહોંચ્યા હતા.

સંસદીય અને શહેરી વિકાસ પ્રધાન વેંકૈયા નાયડુ પણ જશવંતસિંહના પુત્ર માનવેન્દ્રસિંહ સાથે ફોન પર વાતચીત કરી ચુક્યા છે અને તેમના અંગે માહિતી મેળવી ચુક્યા છે. જશવંતસિંહને ઈજા અંગેના સમાચાર મળતાની સાથે જ ભાજપના કાર્યકરો પણ હોસ્પિટલમાં પહોંચી ગયા હતા.

## ફૂલનદેવી કેસ : શેરસિંહ રાણા અંતે દોષિત જાહેર

નવી દિલ્હી,તા.૮

દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે ફૂલન દેવી હત્યા કેસમાં મુખ્ય આરોપી શેરસિંહ રાણાને દોષિત જાહેર કર્યો છે જ્યારે બાકી ૧૦ આરોપીઓને નિર્દોષ છોડી મુક્યા છે. કોર્ટે શેરસિંહ રાણાની સજા અંગેની જાહેરાત ૧૨મી ઓગસ્ટના દિવસે કરવાની વાત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૩ વર્ષ અગાઉ ફૂલન દેવીની હત્યા દિલ્હીમાં તેના ઘરની બહાર ગેટ ઉપર જ અંધાધૂંધ ગોળીબાર કરીને કરી દેવામાં આવી હતી. આ હત્યાકાંડમાં શેરસિંહ રાણા સહિત ૧૨ આરોપીઓ હતા. જેમાં એકનું મોત થઈ ગયું હતું. બચાવ પક્ષના વકીલે આ ચુકાદા બાદ કહ્યું હતું કે, શેરસિંહ રાણાના ચુકાદાને દૂર કરી દેવામાં આવ્યો હતો. અન્ય નિર્ણય બિલકુલ સંતોષજનક રહ્યા છે.

## મંદીનો દોર : વધુ ૨૬૦ પોઇન્ટનો થયેલો ઘટાડો

### સેંસેક્સ ઘટીને બે સપ્તાહની નીચી સપાટીએ : બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપમાં નોંધપાત્ર કડાકો બોલાયો : સતત ત્રીજા દિવસે મંદીથી કારોબારી ચિંતાતુર

મુંબઈ,તા.૮

શેરબજારમાં આજે સતત ત્રીજા દિવસે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. યુક્રેન અને ઈરાકમાં ભૌગોલિક તંગદિલી વધવાના અહેવાલ વચ્ચે શ્રેણીબદ્ધ સેક્ટરોમાં શેરમાં વેચાણ કરવામાં આવ્યું હતું. સેંસેક્સ કારોબારના અંતે ૨૬૦ પોઈન્ટ ઘટીને ૨૫૩૨૯ની સપાટીએ રહ્યો હતો અને બે સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યો હતો. સેંસેક્સ ૨૮મી જુલાઈના દિવસે ૨૫૯૯૧ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી કારોબારના અંતે ૮૧ પોઈન્ટ ઘટીને ૭૫૬૯ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં બે-બે ટકાનો ઘટાડો રહ્યો હતો. મુંબઈ સ્ટોક એક્સચેંજ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં આ મુજબની વાત આજે કરવામાં આવી હતી. બીએસઈમાં માર્કેટ બ્રીડ્થ ખુબ જ નકારાત્મક રહી હતી. ૨૦૭૫ શેર મંદીમાં રહ્યા હતા જ્યારે ૮૨૫ શેર તેજીમાં રહ્યા હતા.

એશિયન બજારમાં પણ આજે કડાકો બોલાઈ ગયો હતો. યુક્રેન અને મધ્યપૂર્વમાં સંઘર્ષની સ્થિતિ જોવા મળી રહી છે. ચીન તરફથી અપેક્ષા કરતા વધુ સારા આંકડા વિકાસના નોંધાયા છે. યુરોપિયન શેરબજારમાં મંદી સાથે કારોબારની શરૂઆત થઈ હતી. ક્રૂડ ઓઈલની કિંમતમાં ફરીવાર ઉછાળો શરૂ થયો છે.

વૈશ્વિક પરિબળો આના માટે જવાબદાર છે. રિયાલીટી, બેંકેક્સ, કેપિટલ ગુડ્ઝ, પાવર, મેટલ, ઓઈલ એન્ડ ગેસ, કન્ઝ્યુમર ડ્યુરેબલ અને ઓટો ઈન્ડેક્સમાં ૧-૪ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. આઈટી ઈન્ડેક્સમાં ૦.૪ ટકાનો ઘટાડો અને એફએમજીસી તથા હેલ્થકેરમાં હકારાત્મક સ્થિતિ વચ્ચે ફ્લેટ કારોબાર રહ્યો હતો.